<u>ફોજદારી કેસ નં.૧૪૫૨૫૬/૨૦૨૧</u>

## <u>આંક–૦૧ લગત હુકમ.</u>

**(૧)** આ કામનાં આરોપી સામે ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તથા જી.પી. એક્ટની કલમ–૧૧૦, ૧૧૭ નાં ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે મધ્યમ વર્ગ નાં માણસ છે અને અજાણતાં ગુનો થઈ ગયેલ છે તેમજ હવે પછી આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાતરી આપેલ છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે. કુટુંબની તમામ જવાબદારી તેમનાં ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છા પૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ઘ્યાને લેતાં તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪</u>** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫(૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિઘ્ધાંતને ઘ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ઘ્યાને લેતાં, આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### <u>– હુ ક મ –</u>

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૨ અન્વયે પ્રોહિ એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તથા જી.પી. એક્ટની કલમ–૧૧૦, ૧૧૭ ના ગુના માટે તકસીરવાર ઠરાવી, રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ના ભરે, તો દિન– ૦૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે. મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે યોગ્ય ઓથોરીટી સમક્ષ રજુ કરી નીયમ મુજબ નાશ કરવો.

હુકમ આજરોજ તા.૨૬, માહે–જુન, સને–૨૦૨૨ ના સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ. (એમ.એ. મકરાણી)
તા. ૨૬/૦૬/૨૦૨૨ એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૧૪, અમદાવાદ.
જી.જે. ૦૧૦૦૭